## ૫૦ લાખના ચેક બાઉન્સ કેસમાં વેપારીને સજા

સુરત: કાપડના માલ ખરીદી પેટે આપેલાં ચેક રિટર્ન કેસમાં આરોપી વેપારી ચિરાગ પ્રજાપતિને કોર્ટે એક વર્ષની સજા અને ચેકની રકમ વ્યાજ સાથે ફરિયાદીને ચુકવી આપવા હુકમ કર્યો હતો. ક્રિયાણા ફેશન નામની ભાગીદારી પેઢીના હાર્દિક ગોરધનભાઈ લાખાણીએ શુભમ ફેશનના આરોપી વેપારી ચિરાગ ગુણવંતલાલ પ્રજાપતિ સામે નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. આરોપીએ ફરિયાદી પાસેથી ૫૬ લાખનો માલ ખરીદી બાકી રકમ પેટે આરોપીએ ૨૪.૩૩ લાખ અને ૨૫.૩૬ લાખના બે ચેક આપ્યા હતા. જે ચેક રિટર્ન થયાં હતાં. ફરિયાદ પક્ષે એડવોકેટ ચંદ્રેશ પિપળીયા તથા પાર્થ લખાણીએ દલીલ કરી હતી. બંન્ને પક્ષની દલીલો અને પુરાવાને ધ્યાને રાખી કોર્ટે આરોપી ચિરાગ પ્રજાપતિને એક વર્ષની કેદની સજા અને ચેકની રકમ વ્યાજ સાથે ચુકવી આપવા હુકમ કર્યો હતો. આરોપી હાજર નહિ રહેતા કોર્ટે આરોપી સામે ધરપકડ વોરંટ ઇસ્યું કર્યું હતું.

## ડભોલીમાં પારિવારિક ઝઘડાથી કંટાળીને રત્નકલાકારે ફાંસો ખાધો

સુરત: ડભોલીમાં પારિવારિક ઝગડાઓથી કંટાળીને રત્નકલાકારે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકાના વતની જીગ્નેશભાઈ લાભુભાઈ વરિયા (ઉં.વ.31) હાલમાં ડભોલી રોડ પર આવેલા ભૂમિ પાર્ક સોસાયટીમાં પરિવાર સાથે રહેતા હતા અને રત્નકલાકાર તરીકે નોકરી કરીને પરિવારનું ગુજરાન કરતા હતા. આજે સવારે જીગ્નેશભાઈએ ઘરમાં બેડરૂમમાં હીંચકાના કડા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈબે આપઘાત કરી લીધો હતો. જીગ્નેશભાઈએ પારિવારિક ઝઘડાઓમાં આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા સેવાઈ રહી છે.

## ઊંઘમાં લઘુશંકા કરવા જતાં વૃદ્ધનું અગાસી પરથી પટકાતાં મોત

સુરત: કાપોદ્રામાં ઊંઘમાં લઘુશંકા કરવા જતા વૃદ્ધનું અગાસી પરથી પટકાતાં મોત નિપજ્યું હતું. મળેલી માહિતી મુજબ, મૂળ કચ્છ ભચાઉના વતની ભચુભાઈ જેરામભાઈ વૈદ્ય (87 વર્ષ) હાલમાં કાપોદ્રા વિસ્તારમાં આવેલ કલ્યાણકુટીર સોસાયટીમાં પુત્ર સાથે રહેતા હતા અને નિવૃત્ત જીવન જીવતા હતા. તેમને આંખમાં ઓછું દેખાતું હતું. મંગળવારે રાત્રે મધ્યરાત્રિએ તેઓ ઊંઘમાં જ લઘુશંકા કરવા માટે ઊભા થયા હતા. તે સમયે તેઓ અકસ્માતે નીચે પટકાતા તેમનું મોત થયું હતું

## પાંડેસરાની મિલમાં 20 ફૂટ ઉપરથી પટકાયેલા શ્રમિક નું મોત

સુરત: પાંડેસરા જીઆઈડીસીની ડાઈંગ કંપનીમાં પતરા ફીટ કરતી વખતે 20 ફૂટ ઉપરથી પટકાયેલા યુવાનનું મોત થયું હતું. મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની ફિરોઝ મુહમુદ્દીન ખાન (35 વર્ષ) હાલમાં ઉન વિસ્તારમાં આવેલ મુઝ્ઝમમીલ નગરમાં રહેતો હતો. મંગળવારે સાંજે તે ઓરિયન્ટલ ડાઈંગ કંપનીમાં 20 ફૂટ ઉપર ચડી પતરા ફિટ કરી રહ્યો હતો. ત્યાંથી પટકાતાં તેનું મોત થયું હતું.

# પેટે પાટા બાંધી જેને ફિઝિયોથેરાપીસ્ટ બનાવ્યો તેણે વૃદ્ધ માતાને તરછોડી

**ડોક્ટરે** માતાની જાણ બહાર વારસાઈમાં એન્ટ્રી પડાવીને પાંચ વીઘાં જમીનમાં નામ લખાવી દીધું

**વેલંજામાં** એકલવાયું જીવન જીવતા વૃદ્ધ માતાએ મીડિએશન સેન્ટરમાં પ્રિ-લીટિગેશન અરજી કરી ફરિયાદ કરી

સુરત: વેલંજામાં એકલવાયું જીવન જીવતા વૃદ્ધ માતાએ પેટે પાટા બાંધી દિકરાને ડોકટર બનાવ્યો અને આ ડોક્ટર પુત્રએ માતાની જાણ બહાર વારસાઈમાં એન્ટ્રી પડાવીને પાંચ વીંઘા જમીનમા નામ લખાવી દઈ માતાને વૃદ્ધાવસ્થામાં તરછોડી દેતાં વૃદ્ધ માતાએ મિડીએશન સેન્ટરમાં ન્યાય માટે ફરિયાદ કરી હોવાનું જાણવા મળ્યું છે. વેલંજા વિસ્તારમાં રહેતી એક વૃદ્ધાના પતિ ૨૨ વર્ષ પહેલા અવસાન પામ્યા હતા. પતિના અવસાન બાદ મહિલાએ બે દિકરા અને એક દિકરીને મોટા કર્યા હતા. જેમાં દિકરીને પરણાવી દીધી હતી. જયારે એક દિકરો વિદેશમાં હીરાનો વ્યવસાય કરે છે. જે યથાશક્તિ મુજબ મદદ રુપ થતો રહે છે.

આ તરફ મોટા દિકરાને માતાએ ભણાવી ગણાવીને ફિજીયોથેરાપીસ્ટ બનાવ્યો હતો. પિતાનાં અવસાન બાદ વારસાઈમાં આ ડોકટરે પાંચ વીધાં જમીનમા પોતાનું નામ દાખલ કરાવી દીધું હતું. તેમ છતાં વૃદ્ધ માતાનું ધ્યાન રાખતો ન હતો કે ભરણપોષણ ચુકવતો ન હતો અને માતાને એકલવાયું જીવન જીવવા મજબૂર કરી હતી. હવે આ મિલ્કત વેચવાની વાત આવતા મોટા દિકરો (ડોકટર) મિલ્કત વેચવા દેતો નહતો. ડોક્ટર હોવા છતાં પણ તેને કોઈ ધ્યાન આપ્યું ન હતું. માતાએ ભરણપોષણ માંગ્યું તો ઘરમાંથી કાઢી મુકવામાં આવી હતી. જેથી એકલવાયું જીવન જીવતા વૃદ્ધ માતાએ એડવોકેટ ચિરાગ પાનસુરીયાનો સંપર્ક કર્યો હતો, અને તેના મારફતે સુરતના મીડિએશન સેન્ટરમાં ડોકટર પુત્રની સામે ફરિયાદ કરી પોતાની મિલકત વેચવા દેવા અથવા પુત્ર પાસેથી ભરણપોષણ અપાવવાની દાદ માંગવામા આવી છે. આ અરજી દાખલ થતા મીડિએટર તરીકે આઈ.પી.જોબનપુત્રા (બકુલભાઈ)ની નિમણૂંક કરવામાં આવી હતી. મીડિએશન સેન્ટરમાં ફિઝિયોથેરાપીસ્ટ પુત્રને નોટીસ ઈસ્યુ કરી આગામી તા. ૩-૭-૨૦૨૬નાં રોજ હાજર રહેવા જાણ કરાઈ છે.

## ગુજસીટોકનો આરોપી લલિત ડોંડા લાજપોર જેલમાં ધકેલાયો

સુરત: આતંક મચાવનાર ડોંડા ગેંગના ગુજસીટોકનો આરોપી લલિત ડોંડાના સરથાણા પોલીસે સાત દિવસના રિમાન્ડ મેળવ્યા બાદ આજે રિમાન્ડ પુરા થતાં કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. પોલીસ તરફથી વધુ રિમાન્ડની માંગણી નહીં કરાતાં આરોપી લલિત ડોંડાને જેલમાં મોકલી અપાયો હતો. અત્રે નોંધનીય છે કે સરથાણા યોગી ચોક વિસ્તારમાં હોટલવાલાને આરોપી લલિત ડોંડા અને અલ્પેશ ડોંડાએ ધાકધમકી આપી રૂપીયા પડાવી લઈ ખંડણીની માંગણી કરી હતી. આ કેસમાં સરથાણા પોલીસે આરોપીઓ સંગઠિત ક્રાઈમ સિન્ડિકેટ ચલાવતાં હોવાથી કોર્ટની મંજૂરીથી આરોપીઓ સામે ગુજસીટોકની કલમનો ઉમેરો કરવાની મંજૂરી મેળવી આરોપી લલિત ડોડાના સાત દિવસનાં રિમાન્ડ મેળવ્યા હતા. આજરોજ આરોપીનાં રિમાન્ડ પુરા થતાં કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો.



તસવીરઃ સતીષ જાદવ

# ડિંડોલીમાં થોડા સમય પહેલા પુન:નિર્મિત રસ્તાની આ હાલત

**તંત્ર** દ્વારા રસ્તાની કામગીરીમાં વેઠ ઉતારવામાં આવી હોવાનાં આક્ષેપ

**ડ્રેનેજની** કામગીરી બાદ બનેલા રસ્તામાં 300 મીટરમાં 3 ફુટ સુધીનું, ડમ્પર ફસાયું



સુરત : શહેરના ડિંડોલી વિસ્તારમાં રસ્તાની ગુણવત્તા અને કામગીરીને લઈને ફરી એકવાર પ્રશ્નો ઊભા થયા છે. લિંબાયત ઝોનના ડિંડોલી વિસ્તારમાં માનસી રેસિડેન્સી સામે આવેલી પાણીની ટાંકી નજીક બુધવારે સવારે અચાનક રસ્તો બેસી જતાં ત્યાંથી પસાર થઈ રહેલું ડમ્પર ખાડામાં ફસાઇ ગયું હતું. ઘટનાને પગલે વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને વાહન વ્યવહાર કલાકો સુધી પ્રભાવિત રહ્યો હતો.

પ્રાથમિક માહિતી મુજબ, થોડા સમય પહેલાં જ આ વિસ્તારમાં ડ્રેનેજ વિભાગની કામગીરી પૂર્ણ થયા બાદ મહાનગરપાલિકા દ્વારા રસ્તાનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું હતું. જોકે બુધવારે સવારે રસ્તાની સપાટી પર મોટી તિરાડો પડતાં અચાનક સ્ટ્રેચ બેસી ગયો હતો. તે સમયે પસાર થઈ રહેલું ડમ્પર રસ્તામાં ફસાઈ જતાં માર્ગ સંપૂર્ણપણે અવરોધિત બન્યો હતો. સ્થાનિક રહિશોનું કહેવું છે કે ડ્રેનેજ કામગીરી બાદ રસ્તા નીચે યોગ્ય પુરાણ અને કોમ્પેક્શન કરવામાં આવ્યું ન હોવાથી રસ્તો બેસી ગયો છે. તાજેતરમાં જ સમારકામ કરાયેલા માર્ગની આવી સ્થિતિ સામે આવતા મનપાની કામગીરી અંગે લોકોમાં અસંતોષ જોવા મળ્યો હતો. જોકે વારંવાર રસ્તા બેસવાની ઘટનાઓને કારણે સ્થાનિકોએ જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

**ખજોદમાં ઝીંગા ઉછેર શરૂ થયાની જાણ થતાં મજૂરા મામલતદાર એક્શનમાં**

# ખજોદમાં 72માંથી 40 ઝીંગાતળાવ તોડી પડાયાં

**અત્યાર** સુધી આભવા, ખજોદ અને ગભેણીના કુલ 809 હેક્ટર વિસ્તારમાં ઝીંગા તળાવ તોડાયાં

**કુલ** 4100 હેક્ટરમાં આ ઝીંગા તળાવો ફેલાયેલાં છે, આગામી દિવસોમાં બીજાં તોડાશે



### હજુ 32 ચોરસ કિલોમીટરથી વધુ વિસ્તારમાં કામગીરી બાકી

અધિકારીઓના જણાવ્યા મુજબ જિંગા તળાવના કુલ 41 ચોરસ કિલોમીટર વિસ્તારની સરખામણીએ હાલમાં 8.09 ચોરસ કિલોમીટર વિસ્તાર તોડી પાડવામાં આવ્યો છે, જ્યારે બાકીના ૩૨ ચોરસ કિલોમીટરથી વધુ વિસ્તારમાં ડીમોલેશનની કામગીરી હાલ પણ સતત ચાલી રહી છે.

સુરત: ખજોદ, ગભેણી અને આભવા સહિતના વિશાળ વિસ્તારમાં ફેલાયેલા જિંગા તળાવના ડીમોલેશન માટે સરકારી તંત્ર અને ખાનગી એજન્સીઓ સંયુક્ત રીતે કાર્ય કરી રહી છે. જેમાં અત્યાર સુધી કુલ 809 હેક્ટર વિસ્તાર ડિમોલિશન હેઠળ આવી ચૂક્યો છે.

ખજોદમાં 72 ઝીંગા તળાવો શરૂ થયાની માહિતી મળતી મજુરા મામલતદારે સિંચાઈ વિભાગ સાથે મળી પાણી ભરેલા 40 તળાવોને તોડી પાડ્યા છે. બીજા તોડવાની કામગીરી ચાલું છે.

મજુરા મામલતદાર અને તેમની ટીમે આજે 72 પાણી ભરેલા ઝીંગા તળાવો પૈકી 40 તોડી પાડ્યા છે. સરકારી મશીનરી દ્વારા 19 નવેમ્બર, 2025થી શરૂ કરાયેલી કામગીરી બાદ હવે ખાનગી એજન્સીઓ પણ મોટા પાયે જોડાતા તળાવનો નોંધપાત્ર વિસ્તાર તોડી પાડવામાં આવ્યો છે. 22 મે, 2026ના રોજ જિંગા તળાવની જમણી અને ડાબી બાજુના બે અલગ-અલગ ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ થતાં ખાનગી એજન્સીઓને કામગીરીનો ઓર્ડર અપાયો હતો, જેના અનુસંધાને હાલ ભારે મશીનરી દ્વારા સતત કામગીરી ચાલી રહી છે. જિંગા તળાવનો કુલ વિસ્તાર 4100 હેક્ટર છે. જેમાં મોજે આભવા વિસ્તાર 11.9 ચોરસ કિલોમીટર, મોજે ખજોદ વિસ્તાર 10.5 ચોરસ કિલોમીટર તથા મોજે ગભેણી વિસ્તાર 18.7 ચોરસ કિલોમીટરનો સમાવેશ થાય છે. સરકારી મશીનરી દ્વારા અત્યાર સુધીમાં 206 હેક્ટર વિસ્તાર તોડી પાડવામાં આવ્યો છે. જ્યારે ખાનગી એજન્સીઓ દ્વારા કુલ 603 હેક્ટર વિસ્તારમાં ડીમોલેશન પૂર્ણ કરવામાં આવ્યું છે. ખાનગી એજન્સીની કામગીરીમાં જમણી બાજુએ 452 હેક્ટર અને ડાબી બાજુએ 152 હેક્ટર વિસ્તાર તોડી પાડવામાં આવ્યો છે. આ રીતે સરકારી અને ખાનગી બંને એજન્સીઓની સંયુક્ત કામગીરીથી અત્યાર સુધી કુલ 809 હેક્ટર વિસ્તાર ડીમોલેશન હેઠળ આવી ચૂક્યો છે.

# 2 લાખનું સ્પોર્ટ્સ બાઈક ચોરી માલિક પાસે ખંડણી માંગી

**કોલમાં** 'રૂ. 10 હજાર આપ, નહીં તો બાઇક ભૂલી જજેની ધમકી

સુરત : વરાછાની જયભવાની સોસાયટીમાંથી ત્રણ અજાણ્યા તસ્કરોએ આશરે રૂ. 2 લાખ કિંમતની સ્પોર્ટ્સ બાઈક ચોરી કરી ફરાર થઈ ગયા હતા. એટલું જ નહીં, ચોરી બાદ બાઈકના માલિકને વોટ્સએપ કોલ કરી બાઈક પરત મેળવવા રૂ. 10 હજારની ખંડણી પણ માંગવામાં આવી હોવાનું બહાર આવ્યું છે.

વરાછા રોડ પર બરોડા પ્રિસ્ટેજ નજીક આવેલી જયભવાની સોસાયટીમાં રહેતા દાનિયેલભાઈ કિરણભાઈ વસાવાની ઘર પાસે પાર્ક કરેલી સ્પોર્ટસ બાઈક નંબર (નંબર GJ-26-AG-8244) સોસાયટીમાં ઘૂસીને ત્રણ શખ્સ ચોરી કરી ગયા હતા. ચોરીની આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી.

ફૂટેજ મુજબ, તસ્કરોએ ચોરી માટે અનોખી તરકીબ અપનાવી હતી. ત્રણેય શખસો એક જ બાઈક પર આવ્યા હતા અને ચોરી કર્યા બાદ તેમની બાઈક પાછળ બેસેલા શખસે પોતાના પગ વડે ચોરાયેલી બાઈકને ધક્કો મારી આગળ ધપાવી હતી. આ રીતે દોઢ મિનિટ જેટલા ટૂંકા સમયમાં બાઈકને ટોઈંગ કરીને તેઓ પલાયન થઈ ગયા હતા અને મોબાઈલ નંબર મેળવી તેમને વોટ્સએપ કોલ કર્યો હતો. ફોન પર બાઈક પરત મેળવવી હોય તો રૂ. 10 હજાર ઓનલાઈન ટ્રાન્સફર કરવાની માંગણી કરવામાં આવી હતી. સાથે જ રૂપિયા નહીં આપે તો બાઈક ક્યારેય નહીં મળે તેવી ધમકી પણ આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.આ અંગે દાનિયેલભાઈ વસાવાએ વરાછા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

# પીપલોદની મહિમા હાઈટ્સના 10મા માળે હોમ થિયેટરમાં આગ

**ફાયર** એસવીએનઆઇટમાં શોર્ટસર્કિટથી આગ પર કાબૂ મેળવી રહી હતી ત્યારે જ પીપલોદનો કોલ આવ્યો

### સાંકડા પ્રવેશદ્વારના કારણે આગ ઓલવવામાં મુશ્કેલી પડી

બિલ્ડિંગનો ગેટ પ્રમાણમાં ખૂબ જ સાંકડો હોવાથી મોટા ફાયર ટેન્ડરો અને વિશેષ સાધનોને અંદર પ્રવેશ અપાવવામાં અવરોધ ઉભો થયો હતો. ખાસ કરીને ઊંચી ઇમારતોમાં આગની ઘટનામાં ટર્ન ટેબલ લેડર (TTL) અને અન્ય ભારે વાહનોને યોગ્ય રીતે ગોઠવવા માટે પૂરતી જગ્યા જરૂરી હોય છે. ભારે ધુમાડા અને ઊંચા માળે આગ હોવા છતાં ટીમે સમયસર પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી.

સુરત: પીપલોદના ચાંદનીચોક વિસ્તારમાં આવેલી મહિમા હાઈટ્સમાં બુધવારે સાંજે 10મા માળે આવેલા એક ફ્લેટમાં આગ ફાટી નીકળતાં બિલ્ડિંગમાં રહેતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો. અહીંના એક ફ્લેટમાં હોમથિયેટરમાં લાગેલી આગ પર ફાયર બ્રિગેડે કાબૂ મેળવી લીધો હતો.

પ્રાપ્ત માહિતિ મુજબ પીપલોદ સ્થિત મહિમા હાઈટ્સના ફ્લેટ નંબર 1002માં રહેતા તુષાર શાહના ફ્લેટના હોમ થિયેટરમાં સાંજે 4:45 કલાકે આગ લાગી હતી. જે ફર્નિચર અને અન્ય સામાન સુધી પહોંચતા વિકરાળ બની ગઈ હતી. ધુમાડાના ગોટેગોટા દેખાતા જ ફ્લેટમાં રહેલા પરિવારજનો અને બિલ્ડિંગના અન્ય રહેવાસીઓએ સાવચેતીના ભાગરૂપે તાત્કાલિક નીચે ઉતરી જઈ પોતાનો જીવ બચાવ્યો હતો. બનાવ અંગે ફાયર કંટ્રોલ રૂમને જાણ જવાનોએ આગને કાબૂમાં લેવા માટે અડાજણ ફાયર સ્ટેશનની ટર્ન ટેબલ લેડર (TTL) સહિતના સાધનોનો ઉપયોગ કર્યો હતો અને આગમાં કાબૂમાં લીધી હતી. મજુરા ફાયર સ્ટેશનના ફાયર ઓફિસર કાંતિ ભગેરિયાના જણાવ્યા અનુસાર તેમની ટીમ નજીકમાં આવેલા એસવીએનઆઈટી કોલેજ ખાતે શોર્ટ સર્કિટના બનાવમાં કામગીરી કરી રહી હતી. તે દરમિયાન ફાયર કંટ્રોલ રૂમમાંથી મહિમા હાઈટ્સમાં આગ લાગ્યાની જાણ થતા ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

# શેર માર્કેટમાં દેવું થતાં SRKના એકાઉન્ટન્ટે અપહરણનું નાટક કર્યું



**૫૦** લાખ આપો નહીંતર લાશ મળશે

**હોટલમાં** બાંધેલો હોય તેવો વિડીયો પત્નીને મોકલ્યો

સુરત: મોટા વરાછામાં રહેતા અને SRKમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા એક યુવકે શેરબજારના ઓપ્શન ટ્રેડિંગમાં લાખો રૂપિયાનું નુકસાન થતાં દેવામાં સપડાઈ ગયો હતો. આર્થિક સંકટમાંથી બહાર આવવા તથા પરિવાર પાસેથી નાણાકીય મદદ મેળવવાના ઈરાદે તેણે પોતાનું જ અપહરણ થયાનું તરકટ રચ્યું હતું. યુવકે પોતાની પત્નીને ધમકીભર્યો મેસેજ મોકલી રૂ. 50 લાખની ખંડણીની માંગણી કરી હતી. જોકે, ઉત્રાણ પોલીસે ગણતરીના કલાકોમાં પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતેથી યુવકને સહીસલામત શોધી કાઢી સમગ્ર કાવતરાનો ભાંડો ફોડી નાખ્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મોટા વરાછા સ્થિત ભક્તિનંદન સેક્ટર-૨ માં રહેતા નિશાબેન તળાવિયાએ ગત તા. ૧૨/૦૬/૨૦૨૬ ના રોજ ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં તેમના પતિ જીજ્ઞેશભાઈ લાલજીભાઈ તળાવિયા (ઉ.વ. ૩૯) ગુમ થયા અંગેની ફરિયાદ નોંધાવી હતી. આ દરમિયાન, નિશાબેનના મોબાઈલ પર જીજ્ઞેશના જ ફોનમાંથી હિન્દીમાં એક ધમકીભર્યો મેસેજ આવ્યો હતો, જેમાં લખ્યું હતું કે, 'ઈસકે એકાઉન્ટમાં ૫૦ લાખ રૂપિયા નાંખો, નહીંતર તેની લાશ મળશે.' મામલાની ગંભીરતાને જોતાં ઉત્રાણ પોલીસે તપાસ કરતાં ખંડણીનો મેસેજ કરનાર વ્યક્તિનું લોકેશન મધ્યપ્રદેશના ઉજ્જૈન પાસે હોવાનું મળ્યું હતું. જેથી પોલીસની એક ટીમ તાત્કાલિક ઉજ્જૈન રવાના કરવામાં આવી હતી. દરમિયાન, જીજ્ઞેશના જ મોબાઈલ પરથી વધુ એક વીડિયો સામે આવ્યો હતો, જેમાં તેઓ હાથ બંધાયેલી હાલતમાં દેખાતા હતા અને વહેલી તકે પૈસા જમા કરાવવા દબાણ કરવામાં આવી રહ્યું હતું. પોલીસની ટેકનિકલ ટીમની તપાસમાં આ વીડિયો ગોધરા ખાતે બનાવવામાં આવ્યો છે. જેના આધારે પોલીસે ગત તા. ૧૫/૦૬/૨૦૨૬ ના રોજ બપોરે ગોધરાની હોટેલોમાં સઘન તપાસ હાથ ધરી જીજ્ઞેશને શોધી કાઢ્યો હતો.

પોલીસે જ્યારે જીજ્ઞેશની કડક પૂછપરછ કરી ત્યારે સમગ્ર ડ્રામા પરથી પડદો ઊંચકાયો હતો. તેણે કબૂલાત કરી હતી કે તે SRK ડાયમંડમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરે છે પણ શેરબજારના ઓપ્શન ટ્રેડિંગમાં તે આશરે ૫૦ થી ૬૦ લાખ રૂપિયા ગુમાવી દેવાથી ભારે આર્થિક સંકટમાં આવી ગયો હતો. પરિવારજનો અને સગા-સંબંધીઓ આ મુશ્કેલીમાં તેને આર્થિક મદદ કરે તેવા હેતુથી તેમણે પોતે જ હાથ બાંધીને વીડિયો બનાવ્યો હતો અને અપહરણનું નાટક રચી પત્ની પાસે જ ખંડણી માંગી હતી. ઉત્રાણ પોલીસે એકાઉન્ટન્ટ સામે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

# વર્લ્ડ બેંકની ટોપ-100 બંદરોની યાદીમાં હજીરા પોર્ટ 68માં ક્રમે

**કન્ટેનર** હેન્ડલિંગ કાર્યક્ષમતામાં ભારતનો મોટો ઉછાળો; વિશાખાપટ્ટનમ ટોપ-20માં, મુન્દ્રા 27મા સ્થાને

6/17/2026 10:46:36 PMસુરતઃ વિશ્વ વેપાર અને લોજિસ્ટિક્સ ક્ષેત્રે ભારત માટે ગૌરવની ક્ષણ સર્જાઈ છે. વર્લ્ડ બેંક અને એસ એન્ડ પી ગ્લોબલ માર્કેટ ઈન્ટેલિજન્સ દ્વારા તૈયાર કરાયેલા 'કન્ટેનર પોર્ટ પરફોર્મન્સ ઈન્ડેક્સ (CPPI)-2023'માં ભારતના 9 બંદરો વિશ્વના ટોપ-100 કાર્યક્ષમ બંદરોમાં સ્થાન મેળવવામાં સફળ રહ્યા છે. આ યાદીમાં સુરત નજીક આવેલ હજીરા પોર્ટે વૈશ્વિક સ્તરે 68મો ક્રમ મેળવતા દક્ષિણ ગુજરાત માટે પણ ગૌરવની લાગણી સર્જાઈ છે.

અહેવાલ અનુસાર ભારતનો સૌથી શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર બંદર વિશાખાપટ્ટનમ પોર્ટનો રહ્યો છે, જેને ટોપ 20 માં 19મો ક્રમ મળ્યો છે. 2022માં આ બંદર 115મા ક્રમે હતું, એટલે કે એક જ વર્ષમાં નોંધપાત્ર સુધારો નોંધાયો છે. જ્યારે કચ્છનું મુન્દ્રા પોર્ટ 27મા ક્રમે પહોંચ્યું છે. CPPI-2023 મુજબ ટોપ-100માં સ્થાન મેળવનારા ભારતીય બંદરોમાં વિશાખાપટ્ટનમ (19), મુન્દ્રા (27), પીપાવાવ (41), કામરાજર (47), કોચીન (63), હજીરા (68), કૃષ્ણપટ્ટનમ (71), ચેન્નાઈ (80) અને જવાહરલાલ નેહરુ પોર્ટ (96)નો સમાવેશ થાય છે.

સુરતના ઔદ્યોગિક વિકાસ માટે હજીરા પોર્ટનું મહત્વ સતત વધી રહ્યું છે. સ્ટીલ, એલએનજી, પેટ્રોકેમિકલ્સ અને કન્ટેનર કાર્ગોના પરિવહન માટે હજીરા દેશના અગ્રણી ખાનગી બંદરોમાં ગણાય છે. વૈશ્વિક રેન્કિંગમાં 68મું સ્થાન પ્રાપ્ત થવું તેની કામગીરી, ઝડપી ટર્નઅરાઉન્ડ સમય અને આધુનિક સુવિધાઓનું પ્રતિબિંબ માનવામાં આવે છે.

# દુબઈથી આવતા જ ત્રણ ઠગ એરપોર્ટ પર ઝડપાયા

**ટોળકીએ** શેર અને કરન્સી ટ્રેડિંગમાં ઊંચા વળતરની લાલચ આપી રૂ.૧૫૩૬ કરોડથી વધુનું ફ્રોડ કર્યું છે

સુરતઃ શેર ટ્રેડિંગ તેમજ કરન્સી ટ્રેડિંગમાં રોકાણના નામે ઊંચા વળતરની લાલચ આપી કરોડોની ઠગાઈમાં સંડોવાયેલ ત્રણ ઠગોને સુરત શહેર સાયબર ક્રાઈમ સેલે સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતેથી ઝડપી લીધા છે. આ મહાઠગો વિરુદ્ધ લુક આઉટ સર્ક્યુલર (LOC) જારી કરવામાં આવ્યો હતો, જેના આધારે તેઓ વિદેશથી પરત ફરતા જ એરપોર્ટ પર દબોચી લેવાયા હતા.

પોલીસના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ગત તા. 21 જૂન, 2025ના રોજ સાયબર ક્રાઈમ સેલે ઉત્રાણ ખાતે વી.આઈ.પી. સર્કલ પાસે IV Trade અને રાજકોટમાં Sky Growth Wealth Management ઓફિસમાં સાયબર ક્રાઈમ પોલીસે રેઈડ કરી હતી. તપાસમાં જાણવા મળ્યું હતું કે Hantec Markets, Sky Growth Wealth Management અને IV Tradeના નામે 35 જેટલા રોકાણકારો પાસેથી રૂ.4.26 કરોડથી વધુની રકમ પડાવી લેવામાં આવી હતી.

ઝડપાયેલા આરોપીઓમાં પાલનપુર જકાતનાકા વિસ્તારના વિશાલ ગૌરાંગભાઈ દેસાઈનો સમાવેશ થાય છે. તેણે અલ્પેશ વઘાસીયા સાથે મળીને ઉત્રાણ ખાતે ઓફિસ ભાડે રાખી વિવિધ સ્કીમોમાં ઊંચા વળતરની લાલચ આપી રોકાણકારોને આકર્ષવાનું કામ કર્યું હતું. વડોદરાના ઝરીત હિતેશભાઈ ગૌસ્વામી સુરત ઓફિસમાં એકાઉન્ટન્ટ અને કેશિયર તરીકે કાર્યરત હતો. તે રોકાણકારો પાસેથી આવેલી રકમનો હિસાબ રાખી આંગડિયા મારફતે રાજકોટ પહોંચાડવાની કામગીરી સંભાળતો હતો. જ્યારે જીગર અશોકભાઈ કુંભાણી સેલ્સ અને માર્કેટિંગ વિભાગમાં રહી લોકોને ટ્રેડિંગ અને રોકાણના બહાને વિવિધ કંપનીઓમાં નાણાં રોકવા પ્રેરિત કરતો હતો. તપાસ દરમિયાન સામે આવેલી વિગતો મુજબ, ટોળકી દ્વારા સંચાલિત વિવિધ કંપનીઓના 40 જેટલા બેંક ખાતાઓ મળી આવ્યા છે. આ ખાતાઓમાં અત્યાર સુધી રૂ.1536.30 કરોડથી વધુના ટ્રાન્ઝેક્શન નોંધાયા હોવાનું બહાર આવ્યું છે. વધુમાં, નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (NCCRP) પર ચકાસણી કરતાં આ ખાતાઓ સામે દેશના વિવિધ રાજ્યોમાં કુલ 171 ફરિયાદો નોંધાયેલી હોવાનું જાણવા મળ્યું છે. જેમાં કર્ણાટકમાં 32, મહારાષ્ટ્રમાં 21, તેલંગણા અને તમિલનાડુમાં 13-13 તેમજ ગુજરાતમાં 12 ફરિયાદોનો સમાવેશ થાય છે.

## રિક્ષા પલટી જતાં ચાલકને પતરું કાપી બહાર કાઢ્યો

સુરતઃ શહેરના વેડછા પાટિયા નજીક આજે વહેલી સવારે મુસાફરોથી ભરેલી ઓટો રિક્ષા અકસ્માતનો ભોગ બનતા ચાલક સહિત ત્રણ વ્યક્તિઓ ઘાયલ થયા હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે રિક્ષાનો આગળનો ભાગ ચપ્પટ થઈ ગયો હતો અને ચાલક ડ્રાઈવિંગ સીટમાં જ ફસાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી રેસ્ક્યૂ કામગીરી હાથ ધરી હતી.

આજે સવારે આશરે 5 વાગ્યે ઓટો રિક્ષા ચાલક ગુડ્ડુ બે મુસાફરોને લઈને પુણા જઈ રહ્યો હતો ત્યારે વેડછા પાટિયા નજીક અચાનક રિક્ષા પલટી ગઈ હતી. ફાયર સબ ઓફિસર દિનુ પટેલે જણાવ્યું હતું કે અકસ્માતમાં રિક્ષાનો ડ્રાઈવર સાઈડનો ભાગ સંપૂર્ણપણે ચપ્પટ થઈ ગયો હતો. ચાલકને પતરા કાપીને બહાર કાઢ્યો હતો. આ બનાવમાં ત્રણને ઈજા પહોંચી છે.